**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**
**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**
**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

---

ક.યુ./ઇ.સી./મિનિટસ/૯ મી ફેબ્રુઆરી/૨૦૧૭ / 1610 તા.૨૩/૦૨/૨૦૧૭
૨૭

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :** **ગત તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ**

બિડાણઃ– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા. ૦૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ સાંજના ૦૪.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તા. ૦૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ ગુરૂવાર સાંજે ૦૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. એમ.જી.ઠક્કર.<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી ડો. એસ.જી.ધર્માણી,<br>આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો. ડો.પી.એન. દવે,<br>પ્રોફેસર, રસાયણશાસ્ત્ર ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. શ્રી એસ.એલ.ભંડારી,<br>રીડર, અર્થ એન્ડ એન્વા. સાયન્સ ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. શ્રી રાજેન્દ્ર એમ. શાહ,<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ગાંધીધામ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી નવલસિંહ એમ.જાડેજા,<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

**એજન્ડા**

૧. તા.૧૯/૧૦/૨૦૧૬ની મિનિટસનું વાંચન અને બહાલી
(નોંધઃ– ગત તારીખ ૧૯/૧૦/૨૦૧૬ના રોજની સભાની મિનિટસ નોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે જેનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ– ૧. ગત તા.૧૯/૧૦/૨૦૧૬ની ના રોજની સભાની મીનીટસના વાંચન બાદ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. કચ્છ યુનિવર્સિટીની તા.૨૭/૦૯/૨૦૧૬ અને તા.૨૧/૧૦/૨૦૧૬ ની ખરીદ સમિતિની મીનીટસ, તે સભામાં થયેલ કાર્યવાહી અને તેને લગતા લેવાયેલ નિર્ણયોની બહાલી બાબત.

**ઠરાવઃ– ૨. કચ્છ યુનિવર્સિટીની તા.૨૭/૦૯/૨૦૧૬ ના રોજ મળેલ ખરીદ સમિતિની મીનીટસ અન્વયે હાથ ધરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલ કરવા ઠરાવવામાં આવ્યું, જ્યારે તા.૨૧/૧૦/૨૦૧૬ ની ખરીદ સમિતિની મીનીટસ અન્વયે ઠરાવ ક્રમ–૧ ના પેટા ક્રમ ઠય્યડ મુજબ જો પ્રશ્નપત્ર સંદર્ભે તમામ ટેન્ડર ભરનાર પાર્ટીને નેગોશીએશન માટે બોલાવવાની હોય તો અન્ય પેટા ક્રમ ઠય્ડ અને ઠય્યડ માટે પણ સદર પાર્ટીઓજ હોય માર્કસીટ અને ડીગ્રી સર્ટીફિકેટ છપાવવા માટે પણ નેગોશીએશન માટે બોલાવવા અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવા માન.કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવી, જ્યારે ખરીદ સમિતિના અન્ય ઠરાવોને સર્વાનુમતે બહાલ કરવામાં આવ્યાં અને તે સભામાં થયેલ કાર્યવાહી અને તેને લગતા લેવાયેલ નિર્ણયોને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. કચ્છ યુનિવર્સિટીની તા.૧૯/૦૯/૨૦૧૬ તા.૦૩/૦૨/૨૦૧૭ ના રોજની એકેડેમિક કાઉન્સીલની સભાની મીનીટસ, તે સભામાં થયેલ કાર્યવાહી અને તેને લગતા લેવાયેલ નિર્ણયોની બહાલી બાબત.

**ઠરાવઃ– ૩. કચ્છ યુનિવર્સિટીની તા.૧૯/૦૯/૨૦૧૬ અને તા.૦૩/૦૨/૨૦૧૭ ના રોજની એકેડેમિક કાઉન્સીલની સભાની મીનીટસ, તે સભામાં થયેલ કાર્યવાહી અને તેને લગતા લેવાયેલ નિર્ણયોને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. કચ્છ યુનિવર્સિટીના કેમ્પસ ખાતે પોસ્ટ ખાતાની બ્રાન્ચ કામચલાઉ ધોરણે યુટીલીટી સેન્ટર ખાતે શરૂ કરવા બાબત.

**ઠરાવઃ– ૪. કચ્છ યુનિવર્સિટીના પરીસરમાં અન્ય વ્યવસ્થા ઉભી ન થાય ત્યાં સુધીના સમય માટે કચ્છ યુનિવર્સિટી ખાતેના યુટીલીટી સેન્ટર ખાતે કામચલાઉ ધોરણે બે રૂમ રૂા.૨૮૦૦/–ના માસિક ભાડા સાથે પોસ્ટ ખાતાને ફાળવવા તથા જરૂરી માળખાકીય ઉપલબ્ધ કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. કચ્છ યુનિવર્સિટી સાથે જુદી–જુદી શૈક્ષણિક અને વ્યવસાયિક સંસ્થાના વાઇબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ. અને તેને લગતા એફિડેવિટ અને એગ્રીમેન્ટની બહાલી બાબત.

**ઠરાવઃ– ૫. કચ્છ યુનિવર્સિટી સાથે જુદી–જુદી શૈક્ષણિક અને વ્યવસાયિક સંસ્થાના વાઇબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ. અને તેને લગતા એફિડેવિટ અને એગ્રીમેન્ટને, તેના અનુસંધાને હાથ ધરવામાં આવેલ કામગીરીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. કચ્છ યુનિવર્સિટી કોર્ટની સભાના આયોજન અન્વયે કોર્ટ–પ્રસ્તાવ સમિતિની માન.કુલપતિશ્રી દ્વારા થયેલ રચનાને બહાલી બાબત.

**ઠરાવઃ– ૬. કચ્છ યુનિવર્સિટી કોર્ટની સભાના આયોજન અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ નીચે મુજબની કોર્ટ–પ્રસ્તાવ સમિતિ અને તેના અનુસંધાને હાથ ધરવામાં આવેલ કામગીરીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડો.ગીરીન બક્ષી | અધ્યક્ષશ્રી |
| ૨ | ડો.ભાવેશ જેઠવા | સભ્યશ્રી |
| ૩ | ડો.પંકજ ઠાકર | સભ્યશ્રી |

૭. કચ્છ યુનિવર્સિટીના સત્તામંડળની ચૂંટણી સમિતિની માન.કુલપતિશ્રી દ્વારા થયેલ રચનાને બહાલી બાબત.

**ઠરાવઃ–૭. કચ્છ યુનિવર્સિટીના સત્તામંડળની રચનાઓ માટે આવશ્યક ચૂંટણીઓ અંગે માન.કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ નીચે મુજબની સત્તામંડળ ચૂંટણી સમિતિ અને તેના અનુસંધાને હાથ ધરવામાં આવેલ કામગીરીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડો.ગીરીન બક્ષી | અધ્યક્ષશ્રી |
| ૨ | ડો.ભાવેશ જેઠવા | સભ્યશ્રી |
| ૩ | ડો.પંકજ ઠાકર | સભ્યશ્રી |

૮. કચ્છ યુનિવર્સિટીના છઠ્ઠા પદવીદાન સમારોહના થયેલ અંદાજીત ખર્ચ રૂપિયા દસ લાખ પચાસ હજાર પુરાને બહાલી આપવા બાબત.

**ઠરાવઃ– ૮. કચ્છ યુનિવર્સિટીના પદવીદાન સમારોહના થયેલ અંદાજીત ખર્ચ રૂપિયા દસ લાખ પચાસ હજાર પુરાને તથા ડીગ્રી સર્ટીફિકેટ છપામણીના મંજુર થયેલ ભાવોએ થયેલ કુલ ખર્ચને પણ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. કચ્છ યુનિવર્સિટી દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલ અંદાજીત ખર્ચ રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરાને બહાલી આપવા બાબત.

**ઠરાવઃ–૯.** **કચ્છ યુનિવર્સિટી દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલ એમ.ઓ.યુ.ના અંદાજીત ખર્ચ રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. કચ્છ યુનિવર્સિટીની ઓકટો–ડીસે–૨૦૧૬ ની પરીક્ષાઓ અન્વયે પરીક્ષા શુધ્ધિ સમિતિની કાર્યવાહીને બહાલ રાખી તે અન્વયે પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની બહાલી બાબત.(પરિશિષ્ટ–૫)

**ઠરાવઃ–૧૦.** **કચ્છ યુનિવર્સિટીની ઓકટો–ડીસે–૨૦૧૬ ની પરીક્ષાઓ અન્વયે પરીક્ષા શુધ્ધિ સમિતિની કાર્યવાહીને બહાલ રાખી તે અન્વયે પ્રસિધ્ધ કરેલ જાહેરનામાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. કચ્છ યુનિવર્સિટીના છેલ્લા ચાર નાણાંકીય વર્ષના વાર્ષિક હિસાબો અને ઓડિટ રીપોર્ટ બહાલ રાખવા બાબત.(પરિશિષ્ટ–૬)

**ઠરાવઃ–૧૧.** **કચ્છ યુનિવર્સિટીના છેલ્લા ચાર નાણાંકીય વર્ષના વાર્ષિક હિસાબો અને છેલ્લા ચાર વર્ષના ઓડિટ રીપોર્ટ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. કચ્છ યુનિવર્સિટીના એકેડેમિક પ્લાનર અને વાર્ષિક અહેવાલના છાપકામના અંદાજીત ખર્ચની બહાલી બાબત.

**ઠરાવઃ–૧૨.** **કચ્છ યુનિવર્સિટીના એકેડેમિક પ્લાનર અને વાર્ષિક અહેવાલના છાપકામના અંદાજીત ખર્ચની રકમ રૂા.૩,૭૫,૦૦૦/– બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩. કચ્છ યુનિવર્સિટીના IQAC, CCDC, D&C સેલની નવીરચના તથા તા.૧૦/૦૩/૨૦૧૫ ની ઇ.સી.ની સભામાં રચવામાં આવેલ IQAC સેલ બરખાસ્ત કરવા બાબત.

**ઠરાવઃ–૧૩.** **કચ્છ યુનિવર્સિટીના** IQAC, CCDC, સેલની નવીરચના **અન્વયે નીચેની વિગતે જુદા–જુદા કો–ઓર્ડિનેટરશ્રીને જવાબદારી સોપવા અને રચનાની કાર્યવાહી હાથ ધરવા તથા તા.૧૦/૦૩/૨૦૧૫ ની ઇ.સી.ની સભામાં ઠરાવ નં.૧૧ અન્વયે રચવામાં આવેલ** IQAC **સેલને બરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. માન.કુલપતિશ્રી દ્વારા રજુ થયેલ વિચાર મુજબ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના ભાગરૂપે વિશેષ વર્ગો ચલાવવા અને તે અંગનો ખર્ચ તથા જુદા–જુદા સેલ અંતગર્ત થનાર ખર્ચ યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફિ ખાતે ઉધારવા નિર્ણય કરવામાં આવ્યો.**

| ક્રમ | સેલનું નામ | કો–ઓર્ડિનેટર તરીકે નિમણુંકની વિગત |
|---|---|---|
| ૧ | IQAC | ડો.વિજય વ્યાસ,<br>કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ |
| ૨ | R&D | ડો.મહેશ ઠક્કર,<br>અર્થ એન્ડ એન્વાયરોન્મેન્ટ સાયન્સ વિભાગ |
| ૩ | CCDC | શ્રી મિલિન્દ સોલંકી, અંગ્રેજી વિભાગ |

૧૪. કચ્છ યુનિવર્સિટી ખાતે નવ–નિર્મિત થનાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણુંક બાબત.

**ઠરાવઃ–૧૪. કચ્છ યુનિવર્સિટી ખાતે નવ–નિર્મિત થનાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની કામગીરી માટે ઉલ્લેખાયેલ ''કન્સલ્ટન્ટ'' નામાભિધાનને બદલે ''પ્લાનર'' નામાભિધાન સાથે નિમણુંક કરવાની મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. તા.૨૩/૦૧/૨૦૧૭ ની બી.યુ.ટી.આર.ની સભાના ઠરાવ નં.૭ થી યુ.જી.સી.–૨૦૧૬ના નિયમો મુજબ પી.એચ.ડી. અભ્યાસક્રમ માટે પ્લેગીઆરીઝમ સોફટવેર ખરીદવા બાબત.

**ઠરાવઃ–૧૫. કચ્છ યુનિવર્સિટીની ઉપરોક્ત બી.યુ.ટી.આર.ના સભાના ઠરાવ–૭ થી યુ.જી.સી.ના નિમયો મુજબ પી.એચ.ડી. અભ્યાસક્રમ માટે હાલમાં પ્લેગારીઝમ માટે જુદા–જુદા સોફટવેર ઉપલબ્ધ હોઇ આ અંગે યોગ્ય અભ્યાસ કરી યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ પ્લેગારીઝમ સોફટવેર ખરીદી માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માન.કુલપતિશ્રીને સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ**

૧૬. કચ્છ યુનિવર્સિટીની જુદા–જુદા સમયે મળેલ સત્તામંડળોની સભામાં રચવામાં આવેલ સમિતિઓએ રજુ કરવાના અહેવાલ બાબત.

**ઠરાવઃ–૧૬. કચ્છ યુનિવર્સિટીના સત્તામંડળો જેમ કે, ઇ.સી.,એ.સી અને બી.યુ.ટી.આર., નાણાં સમિતિ, ખરીદ સમિતિ વગેરેની સભાઓમાં જુદા–જુદા સમયે રચવામાં આવેલ સમિતિઓ પૈકી જે સમિતિઓના અહેવાલ બાકી હોય તેવી જુદી–જુદી સમિતિને સદર કાર્યવાહી સત્વરે પૂર્ણ કરી તે અંગેનો સમિતિનો અહેવાલ સમિતિના અધ્યક્ષશ્રી મારફતે તા.૧૫/૦૩/૨૦૧૭ સુધીમાં રજુ કરવા માટે પત્ર દ્વારા જાણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૭. કચ્છ યુનિવર્સિટીના એકટ/સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સ સુધારણા માટે રચવામાં આવેલ સમિતિ બાબત.

**ઠરાવઃ–૧૭. કચ્છ યુનિવર્સિટીના એકટ/સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સ સુધારણા સમિતિની રચના એકિઝકયુટીવ કાઉન્સીલની તા.૦૧/૦૯/૨૦૧૬ ના ઠરાવ નં.–૯ થી કરવામાં આવેલ . આ સમિતિના સભ્યો તેમના મુળ કાર્યભારણના લીધે સમિતિના નિયત કરેલ સમયે સમય ફાળવી શકતા ન હોઇ સંકલન કરવું મુશ્કેલ જણાતાં આ સમિતિને બરખાસ્ત કરી આ એકટ/ સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સના સુધારાણાની કામગીરી, રીક્રુટમેન્ટ રૂલ્સની કામગીરી તથા કચ્છ યુનિવર્સિટીને જરૂરીયાત હોય તેવા ધારા–ધોરણો ઘડવા વગેરે કામગીરી ડો.અનીલ ગોર, અધ્યાપક–ફિઝિકસ, શ્રી આર.આર.લાલન કોલેજ, ભુજ હસ્તક રાખવા અને તૈયાર થયેથી છપાવીને કુલસચિવના**

**કાર્યાલયમાં રજુ કરવા અંગે તેઓશ્રીને પત્ર પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૮. કચ્છ યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના બિન–શૈક્ષણિક કર્મચારીઓના સાતમાં પગાર પંચના અમલ માટેની માહિતી અન્વયે ગુજરાત રાજય મુલ્કી સેવા નિયમો–૨૦૦૨, સેવા વર્તણુંકના નિયમો–૧૯૭૧, શિસ્ત અને અપીલ નિયમો–૧૯૭૧, સબંધિત સંવર્ગ/ જગ્યાના ભરતી નિયમો/ પરીક્ષા નિયમો મુજબ એકટ/સ્ટેચ્યુટ/ઓર્ડિનન્સમાં જોગવાઇ બાબત.

**ઠરાવઃ–૧૮.** **કચ્છ યુનિવર્સિટીના તથા સંલગ્ન કોલેજોના બિન–શૈક્ષણિક કર્મચારીઓના સાતમાં પગાર પંચની મંજુરી માટે જરૂરી આપવાની માહિતી અન્વયે ગુજરાત રાજય મુલ્કી સેવા નિયમો–૨૦૦૨, સેવા વર્તણુંકના નિયમો–૧૯૭૧, શિસ્ત અને અપીલ નિયમો–૧૯૭૧, સબંધિત સંવર્ગ/ જગ્યાના ભરતી નિયમો/ પરીક્ષા નિયમો લાગુ પડતાં હોઇ તે અંગે સરકારશ્રીના ધારા–ધોરણો ને અનુસરવામાં આવે છે તે અંગે પરિપત્ર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. કચ્છ યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓને Transport Allowance ચુકવવા બાબત.

**ઠરાવઃ–૧૯.** **કચ્છ યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓને** Transport Allowance **ચુકવવા બાબતે તા.૧૯/૧૦/૨૦૧૬ ની એક્ઝિકયુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૨ મુજબ અન્ય યુનિવર્સિટી માંથી મેળવેલ માહિતી અને ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ નં.** PGR-1009-77- Pay Cell (CH) DT.03/10/2012 **મુજબ ફેબ્રુઆરી–૨૦૧૭ (પે ઇન માર્ચ) થી મંજુર કરવા અને ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૦. કચ્છ યુનિવર્સિટીના બ્રાહય અભ્યાસક્રમના અભ્યાસ ની પરીક્ષાઓ આપેલ વિદ્યાર્થીઓની માર્કસીટ પોસ્ટ ખાતાં દ્વારા રજી.એડી. થી વિદ્યાર્થીઓને મોકલવા બાબત.

**ઠરાવઃ–૨૦.** **કચ્છ યુનિવર્સિટીના ભૂતકાળના બ્રાહય વિદ્યાર્થીઓએ પરીક્ષા આપ્યા બાદ માર્કસીટ મેળવવા બાબતે ઉદાસીન વલણ અપનાવતાં હોઇ કચ્છ યુનિવર્સિટી ખાતે તે વિદ્યાર્થીઓની માર્કસીટોનો ભરાવો થયેલ હોવાથી વિદ્યાર્થી હિત ખાતર માર્કસીટ ભુતપૂર્વ વિદ્યાર્થીઓને પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે તથા ભવિષ્યની તમામ પરીક્ષાઓના પરીણામને અંતે મળેલ એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓની માર્કસીટ રજી. એડી. થી મોકલવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૧. કચ્છ યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટીના અભ્યાસક્રમ અંતગર્ત પરીક્ષાઓના રી–ચેકીગ અને રી–અસેસમેન્ટ ની ફિ બાબત.

**ઠરાવઃ–૨૧.** **કચ્છ યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટીની યુનિવર્સિટી પરીક્ષાઓના રી–ચેકિંગની ફિ રૂપિયા ૧૦૦૦/– તથા રી–અસેસમેન્ટની ફિ રૂપિયા ૨૦૦૦/– નિયત કરવા અંગે તા.૦૩/૦૨/૨૦૧૭ ના રોજની એકેડેમિક કાઉન્સીલ ના ઠરાવ નં.૩૨ થી સૈધ્ધાંતિક મંજુરી આપવા**

**ઠરાવેલ છે જેને ધ્યાને લઇ ફિ નિર્ધારીત કરી ફેબ્રુઆરી–૨૦૧૭ ની પરીક્ષાઓથી લાગું પાડવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૨. કચ્છ યુનિવર્સિટીની જુદી–જુદી સેવા/કામગીરી જેવી કે, સફાઇ, યુનિવર્સિટી મેસ–કેન્ટીન, સીકયુરીટી, સ્ટેશનરી, પ્રિન્ટીગ, પીવા લાયક પાણી, વાહન કોન્ટ્રાકટ જેવી આવશ્યક સેવા વગેરે ના ટેન્ડરની મુદત માર્ચ–૨૦૧૭ પૂર્ણ થતી હોઇ આગામી કાર્યવાહી બાબત.

**ઠરાવઃ–૨૨.** **કચ્છ યુનિવર્સિટી દ્વારા જુદી–જુદી સેવાઓ/કામગીરી જેવી કે, સફાઇ, યુનિવર્સિટી મેસ–કેન્ટીન, સીકયુરીટી, સ્ટેશનરી, પ્રિન્ટીગ, પીવા લાયક પાણી, વાહન કોન્ટ્રાકટ જેવી આવશ્યક સેવા વગેરે ની મુદત માર્ચ–૨૦૧૭ માં પૂર્ણ થતી હોઇ ફરીથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા માન.કુલપતિશ્રીને સત્તા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૩. કચ્છ યુનિવર્સિટીના સત્તામંડળોની રચના બાબત.

**ઠરાવઃ–૨૩.** **કચ્છ યુનિવર્સિટીના જુદા–જુદા સત્તામંડળોની રચના અંતગર્ત તમામ સત્તામંડળ, વિવિધ બોર્ડ, સમિતિઓ, હોદાઓ ની મુદત તા.૨૭/૦૩/૨૦૧૭ ના પૂર્ણ થતી હોઇ કોર્ટ સિવાયના આ તમામની નવી રચનાની પ્રક્રિયા હાથ ધરવાની મુદતની શરૂઆતની તા.૨૮ માર્ચ તથા પૂર્ણતા તા.૨૭ મી માર્ચ સુધી લાગુ પડતાં કાર્યકાળ માટે નકિક કરવા, આગામી તા.૨૮ મી માર્ચથી યુનિવર્સિટીના એકટ/સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સ અન્વયે જે–તે બોર્ડ/સમિતિઓ અમલમાં નથી આવ્યાં કે રચના નથી થઇ તે તમામની પણ કાર્યવાહી હાથ ધરવા માન.કુલપતિશ્રીને સત્તા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૪. કચ્છ યુનિવર્સિટીના રૂસા પ્રોજેકટ અંતગર્ત કો–ઓર્ડિનેટરશ્રીની નિમણુંક બાબત.

**ઠરાવઃ–૨૪.** **કચ્છ યુનિવર્સિટીના રૂસા પ્રોજેકટ અન્વયે શ્રી ડો.પી.એન.દવે અત્રેથી તા.૦૮/૦૨/૨૦૧૭ થી ફરજ મુક્ત થતાં રૂસા પ્રોજેકટ અન્વયે કો–ઓર્ડિનેટરશ્રીની નિમણુંક કરવાની જરૂરીયાત વર્તાતા નિમણુંક અંગેની કાર્યવાહી હાથ ધરવા માન.કુલપતિશ્રીને સત્તા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૫. કચ્છ યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટીના અભ્યાસક્રમના લાગું પડતાં ધારા–ધોરણની બાબત.

**ઠરાવઃ–૨૫.** **કચ્છ યુનિવર્સિટીના મેડીકલ ફેકલ્ટી અંતગર્ત ચાલતાં અભ્યાસક્રમો અન્વયે અધ્યાપકની નિમણુંક તથા અન્ય તમામ બાબતો માટે એમ.સી.આઇના લાગું પડતા ધારા–ધોરણ અંગે એમ.સી.આઇ.ની કચેરીએથી મંગાવવા અને લાગુ પાડવા અંગેની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

૨૬. કચ્છ યુનિવર્સિટી પરીસરમાં બેંકની સવલત માટે જગ્યા ફાળવવા બાબત.

**ઠરાવઃ–૨૬.** **કચ્છ યુનિવર્સિટીના પરીસરમાં બેંકના મકાન માટેના સ્થળ માટે તા. ૧૮/૦૩/૨૦૧૪ ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૦૨ થી**

**થયેલ ઠરાવનું અમલીકરણ થયેલ ન હોવાથી તે ઠરાવને રદ કરવા અને હાલની પરિસ્થિતિ પ્રમાણે બેંકની સુવિધા માટે નવું સ્થળ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૭. એસ.કે.એલ.પી. નર્સિંગ ઇન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટિસ સંચાલિત બી.એસસી. નર્સિંગ અભ્યાસક્રમ શરૂ કરવા માટે એન.ઓ.સી. આપવા બાબત.

**ઠરાવઃ-૨૬.** **એસ.કે.એલ.પી. નર્સિંગ ઇન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટિસ સંચાલિત બી.એસસી. નર્સિંગ અભ્યાસક્રમ શરૂ કરવા માટે આવેલ એન.ઓ.સી. મેળવવા માટેની રજુઆત અન્વયે એન.ઓ.સી. આપવા તથા આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

નકલ સવિનય રવાનાઃ- માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા.૧૪/૦૨/૨૦૧૭